**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૧ ટકા

# સેકટર-૮ના બંધ મકાનમાં તસ્કરોનો હાથફેરો

## સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ ૧.૮૧ લાખની ચોરી

ગાંધીનગર,તા.૨૨

ગાંધીનગર શહેરમાં તસ્કરોનો તરખાટ વધી ગયો છે. બંધ મકાનને તસ્કરો નિશાન બનાવી પોતાના ટાર્ગેટ પુરા કરતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેકટર-૮ માં પરિવાર લગ્ન પ્રસંગે બહાર ગામ ગયો હતો, તે સમયે ચોર ઈસમોએ બંધ મકાનને ટાર્ગેટ કરીને રૂ.૧.૮૧ લાખની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા છે. બનાવ અંગે મકાન માલિકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ રવિન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ચાવડા ઉં.વ.૩૧ વિજાપુર ખાતે ગેસ એજન્સી ચલાવે છે અને સેકટર-૮ પ્લોટ નં.૩૪૯ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે. તેઓ ગત તા.૧૯ ના રોજ સવારે ૧૦ વાગ્યાના અરસામાં તેમના ગામ બિલોદરા ખાતે લગ્ન પ્રસંગ હોવાથી માતા-પિતા અને પત્ની સાથે ગયા હતા.ત્યારબાદ તેઓ તા.૨૧ ના રોજ પરત ફર્યા હતા. ત્યારે જોયું તો તેમના ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો



અને ઘરમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ બેડરૂમની તિજોરીના તાળા પણ તુટેલા હતા અને ડ્રોઅરનો સામાન વેર-વિખેર પડ્યો હતો. ત્યારબાદ ઉપરના માળે આવેલ લાકડાના બે કબાટના દરવાજા પણ તુટેલા હતા અને તેમાંથી પણ સામાન અસ્ત-વ્યસ્ત પડ્યો હતો. ચોર ઈસમોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ કબાટ અને તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના રૂ. ૧.૬૧,૦૦૦ અને રોકડા રૂ.૧૭,૦૦૦ મળીને કુલ રૂ. ૧.૮૧.૦૦૦ લાખની ચીજવસ્તુઓની ચોરી થવા પામી છે. ચોરીની જાણ થતા સ્થાનિક વસાહતીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. બનાવ અંગે રવિન્દ્રસિંહની ફરીયાદ લઈ પોલીસે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે પીએસઆઈ એન.એન.શર્માએ વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરની એક ઓળખ એટલે ગ્રીનસીટી... આ પ્લાન્ડ સીટીમાં સુવ્યવસ્થિત રીતે વૃક્ષો અને છોડવાઓનો ઉછેર કરવામાં આવ્યો છે. નગરના દરેક માર્ગો જુદા જુદા પ્રકારના વૃક્ષોથી શોભી રહ્યાં છે. ડિવાઈડરોની વચ્ચે ઉછેરવામાં આવેલા છોડવાઓ ચોમાસા દરમ્યાન ખુબજ વધી ગયા છે. જેના કારણે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી છે. વન વિભાગે આ વધી ગયેલી ઝાડીઓને દૂર કરવાનુ શરૂ કર્યુ છે.

### વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટની સામાન્ય સભા તા. ૨૬ જાન્યુઆરીના રોજ બપોરે ૨ વાગ્યે સે. ૧૬, પાટનગર યોજના ભવન ખાતે યોજાશે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી વિજયભાઈ એ. સોલંકી દ્વારા ટ્રસ્ટના તમામ સભ્યો અને સભાસદોને સભામાં ખાસ હાજર રહેવા જણાવાયું છે.

### કીડઝી સરગાસણ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨

કીડઝી પ્રી સ્કૂલ સરગાસણ દ્વારા તા. ૨૫ જાન્યુઆરીના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન શાંન્તમ પાર્ટી પ્લોટ, સરગાસણ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાશે જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના સેન્ડીંગ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહેશે.

## હોમ ગાર્ડઝના ઉત્તર ઝોન રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાનું પ્રસંશનીય પ્રદર્શન

**ગાંધીનગર જિલ્લા હોમગાર્ડ્સના ૪ પુરુષ અને ૩ મહિલા ખેલાડીઓ તથા મહિલા વોલીબોલ ટીમે મળીને કુલ ૧૬ પુરસ્કાર જીત્યા**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા હોમગાર્ડઝ દળ દ્વારા ઉત્તર ઝોન કક્ષાનો રમતોત્સવ મહેસાણા જિલ્લાના સુંઢીયા ખાતેના હોમગાર્ડઝ તાલીમ કેન્દ્ર ખાતે તા. ૧૮મી જાન્યુઆરીના રોજ યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાના જે હોમગાર્ડઝ રમતવીરોએ ઉત્તર ગુજરાત ઝોન કક્ષાએ અગ્રીમ હરોળમાં પોતાનું સ્થાન સુનિશ્ચિત કરી રાજ્યકક્ષાની રમતગમત સ્પર્ધામાં પસંદગી પામ્યાં છે તેમાં ૩ મહિલા ખેલાડીઓ અને ૪ પુરુષ ખેલાડીઓનો સમાવેશ થાય છે અને મહિલા વૉલીબોલ ટીમની પણ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થવા પામી છે.

હોમગાર્ડઝના ઉત્તર ઝોનમાં સમાવિષ્ટ ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓનો સમાવેશ થાય છે. ઉત્તર ઝોનના રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાના હોમગાર્ડસ રમતવીરોએ ૧૬ પુરસ્કાર પ્રાપ્ત કર્યા હતા જે પૈકી ૪ પુરુષ ખેલાડીઓ અને ૩ મહિલા ખેલાડીઓ ઉપરાંત એક મહિલા વૉલીબૉલ ટીમની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થવા પામી છે. આ રમતોત્સવમાં મહિલા સભ્યોમાં ૧૦૦ મીટર દોડમાં દહેગામ યુનિટના ઉર્મિલાબેન મેવાડા પ્રથમ ક્રમે, ગાંધીનગર યુનિટના ગોળાફેંક અને લાંબીકૂદમાં કિંજલ કાપડીયાએ પ્રથમ ક્રમે તથા ગોળાફેંકમાં શાંતાબેન પ્રજાપતિ દ્વિતીય ક્રમે વિજેતા રહ્યાં હતા. આ સાથે ગાંધીનગર યુનિટની મહિલા વૉલીબોલ ટીમ પ્રથમ નંબરે વિજેતા થઈ હતી. પુરુષ વિભાગમાં ૧૦૦ મીટર દોડમાં ઉનાવા યુનિટના કિશનભાઈ ઠાકોર પ્રથમ ક્રમે, ચિરાગસિંહ વાઘેલા દ્વિતિય ક્રમે વિજેતા બનવા સાથે ૮૦૦ મીટર દોડમાં કલોલ યુનિટના નરેન્દ્ર પાસવાન દ્વિતિય ક્રમે અને ગોળાફેંકમાં ગાંધીનગર યુનિટના જયરાજસિંહ ઓઢા પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. રમતોત્સવ દરમ્યાન જિલ્લા કમાન્ડન્ટ વિષ્ણુભાઈ પ્રજાપતિ, સબ ઈન્સ્પેકટર ઈન્સ્ટ્રકટર અનિરૂદ્ધસિંહ જાડેજા, ડિવિઝનલ કમાન્ડર સી.એમ. પરમાર, સ્ટાફ ઓફિસરો પ્રદિપસિંહ સોઢા, ધૃપેનભાઈ પટેલ સહિત જિલ્લાના વિવિધ યુનિટના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## આવતીકાલથી શનિ મકરમાં, ત્રણ રાશિઓને સાડાસાતીની પનોતી

**આવતીકાલથી શનિ મકરમાં સવારે ૯ કલાકે અને ૪૧ મિનિટે પ્રવેશ : ધન, મકર અને કુંભ રાશિમાં સાડા સાતીની પનોતી**

ગાંધીનગર, તા. ૨૨

તારીખ ૨૪ જાન્યુઆરીના દિવસે શનિ મકર રાશિમાં પ્રવેશ કરશે. આ વખતે વિવિધ રાશિઓમાં પનોતી જ ગણતરી હોય છે. જે સંદર્ભે ધન, મકર, કુંભ રાશિમાં સાડાસાતીની પનોતી શરૂ થશે. જ્યોતીષશાસ્ત્રી અંબાલાલ પટેલના જણાવાયા અનુસાર શનિ મકર રાશિમાં હોવાથી વિવિધ પ્રકારના રાશીથી પ્રજાએ સાવચેત રહેવુ. આ સાથે વિવિધ રાશિઓમાં શનિ અલગ-અલગ રીતે ફળ આપશે.

જાણીતા જ્યોતિષ શાસ્ત્રી અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર શનિ મકર રાશીમાં સંવત ૨૦૭૬ પોષ માસની અમાસના દિવસે શુક્રવાર તા. ૨૪ જાન્યુઆરી ૨૦૨૦માં સવારે ૯ કલાક ૪૧ મિનિટે પ્રવેશ કરશે. આ વખતે વિવિધ રાશિઓમાં પનોતીની ગણતરી હોય છે.

ધનરાશિ : આ રાશિના જાતકોને સાડાસાતીની પનોતીનો છેલ્લો તબક્કો છે. રૂપાના પાયે પનોતી આવેલી છે. રૂપાનો પાયો ધનનો લાભ કરનાર છે.

મકર રાશિ : આ રાશિના જાતકોને સાડાસાતી પનોતીનો બીજો તબક્કો સોનાના પાયે અશુભ છે.

કુંભ રાશી : સાડાસાતી પનોતીનો પહેલો તબક્કો લોઢાના પાયે પરિશ્રમ કરાવે.

તુલા રાશિ : નાની પનોતી લોઢાના પાયે કષ્ટ અને પરિશ્રમ કરાવે.

મિથુન રાશિ : નાની પનોતી લોખંડનો પાયે પરિશ્રમ કરાવે.

પનોતીમાં જાતકનું જન્મ લગ્ન પણ જોવુ જોઈએ. જન્મ લગ્નમાં શનિ શુભ હોય તો પનોતીનું નબળુ ફળ ન પણ મળે.

મેષ રાશિ : ચંદ્ર રાશિથી ચંદ્ર લગ્નથી શનિ દસમે ભ્રમણ કરતો હોય શુભ ફળદાતા બનાવી આર્થિક લાભો અપાવે.

વૃષભ રાશિ : શનિ ભાગ્ય સ્થાને હોઈ લાભદાયક રહે.

કર્ક રાશિ : સાતમે શનિનું ભ્રમણ લાભદાયી ગણાય.

સિંહ રાશિ : છટ્ઠે શનિનું ભ્રમણ સફળતા અપાવે.

કન્યા રાશિ : પાંચમા સ્થાને શનિનું ભ્રમણ શુભાશુભ રહે.

વૃશ્ચિક રાશિ : ત્રીજા સ્થાને પુરૂષાર્થમાં વધારો કરે. સાહસમાં સિદ્ધિ રહે.

મીન રાશિ : લાભ ભાવી શનિનું ભ્રમણ શુભ ગુણ અર્થે, લાભદાયી કાર્ય રચના થાય.

મેદનીયપણે જોઈએ તો મકરમાં શનિ મકરરાશિમાં હોવાથી અસંવેદન રાષ્ટ્રોની હરકતનો સામનો કરવો પડે. મુસ્લિમ રાષ્ટ્રોમાં નિર્ધારીત યુદ્ધ જેવી પરિસ્થિતિ ઉભી થાય. યુદ્ધ ન થાય, વિવિધ પ્રકારના રોગથી પ્રજાએ સાવચેત રહેવુ જોઈએ. મકર રાશિમાં શનિનો ઉદય શાસકોમાં સંઘર્ષ તેમજ પહાડી જાતીઓને હાનિ કરતા રહે. અનેક પ્રકારના રોગથી સાવચેત રહેવુ

● અનુસંધાન પાના - ૭ પર

## અડાલજ પાસેથી ફોર્ચ્યુનર કારમાંથી ત્રણ ઈસમો પિસ્ટલ સાથે ઝડપાયા

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર-સરખેજ માર્ગ પર આવેલા અડાલજ પાસેથી એસઓજી પોલીસે ત્રણ ઈસમોને ફોર્ચ્યુનર ગાડી અને પિસ્ટલ સાથે પકડી પાડ્યા છે. પોલીસે પિસ્ટલ કિ.રૂ.૫૦૦૦, પાંચ જીવતા કારતુસ કિં.રૂ.૨૫૦, મોબાઈલ ફોન નંગ-૫ કિં.રૂ.૧૫,૭૦૦ અને ફોર્ચ્યુનર કાર કિં.રૂ.૧૦,૦૦,૦૦૦ ગણી ત્રણેય આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ એસઓજીના પીએસઆઈ પી.બી.રમલાવત તેમની ટીમ સાથે ખાનગી વાહનમાં અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન વૈષ્ણોદેવી સર્કલથી ગાંધીનગર તરફના માર્ગ પર એક મધ્યપ્રદેશની પાર્સીંગની સફેદ રંગની કાર જેના આગળના ભાગે હતી. તે કારનો પાછળનો નંબર જોતા એમ.પી.૦૯. સી.એસ. ૩૦૫૫ જણાયો હતો. જે કારમાં



નંબર પ્લેટ તુટેલી હતી.તે કાર શંકાસ્પદ જણાતા તે કારને ખોરજ કન્ટેનરકટ પાસે રોકઈ લઈ તેની ફરતે સ્ટાફના જવાનો દ્વારા કોર્ડન કરી કાર સાઈડમાં ઉભી રખાવી ચાલક સહિત ત્રણ ઈસમો બેઠા હતા અને કાર શંકાસ્પદ જણાતી હોય ત્રણેયના નામ પુછતા બાબુલાલ કાળુલાલ ચૌધરી ઉં.વ.૨૫ રહે.ગામ દેવનારાયણ મંદિર પાસે ગામ ચોરાસી બડાયલા તા.પીપલૌંડા. જી.રતલામ મધ્યપ્રદેશ, જીતેન્દ્રસીંગ સુરેન્દ્રસીંગ સોલંકી ઉં.વ.૨૬ રહેમકાન નં.૧૦૯ કુવા પાસે મોટીપુર મહોલ્લા, ગામ સુજાપુર જી.રતલામ મધ્યપ્રદેશ, ધર્મેન્દ્રસીંગ બલવંતસિંગ પવાર ઉં.વ.૩૦ રહે. ગામ આકતવાસા, જી.રતલામ મધ્યપ્રદેશના હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારમાં તપાસ કરતા એક હાથ બનાવટની પિસ્ટલ તેમજ પાંચ જીવતા કારતુસ મળી આવ્યા હતા. આ હથીયાર રાખવા બદલ તેમની પાસે કોઈ જ પાસ કે પરવાનો ન હતો. ગાંધીનગર એસઓજી પોલીસે ત્રણેયની અટકાયત કરીને કાર, મોબાઈલ, પિસ્ટલ અને પાંચ જીવતા કારતુસ સહિતના મુદ્દામાલ સાથે અટકાયત કરીને ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ‘રાણીની વાવ’નો ટેબ્લો






રાષ્ટ્રના પ્રજાસત્તાક દિવસની નવી દિલ્હીમાં યોજાનારી રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત રાજ્ય તરફથી ‘રાણીની વાવ : જલ મંદિર’નો ટેબ્લો પ્રસ્તુત થશે. ગુજરાતના ગૌરવ સમી રાણીની વાવને યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો આપીને તેનું મહત્વ સ્વીકાર્યું છે. સભ્યતા-સંસ્કૃતિ અને અદભૂત કળાના સમન્વય સમી રાણીની વાવ જળ સંચયની ગુજરાતની પરંપરાનું બેનમૂન ઉદાહરણ છે. ગુજરાતની આ ભવ્ય વિરાસતને તાદૃશ કરતો ટેબ્લો રાષ્ટ્રીય પરેડમાં સમગ્ર રાષ્ટ્ર માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. દેશના જુદા-જુદા ૧૬ રાજ્યોના ટેબ્લો આ રાષ્ટ્રીય પરેડ માટે પસંદગી પામ્યા છે. આ ઉપરાંત ભારત સરકારના વિવિધ ૬ વિભાગોના ટેબ્લો પણ આ પરેડમાં રજૂ થશે.

ગુજરાતના પાટણ જિલ્લામાં ઐતિહાસિક સરસ્વતી નદીના સાનિધ્યમાં ૧૧મી સદીમાં રાણી ઉદયમતીએ પોતાના પતિ સોલંકી વંશના રાજા ભીમદેવ (પહેલા)ના સ્મરણાર્થે બનાવેલી સાત માળની આ વાવ ખરેખર તો શિલ્પ-સ્થાપત્યના બેનમૂન નમૂનારૂપ મંદિર જેવી ભવ્ય છે. વાવ અને જળાશયો ગુજરાતની જીવાદોરી રહ્યા છે, ત્યારે રાણીની વાવનું વર્ષોથી જલમંદિર તરીકે વિશેષ મહાત્મ્ય રહ્યું છે. આ ટેબ્લોમાં રાણીની વાવની ભવ્યતાને કલાત્મક રીતે પ્રસ્તુત કરાશે. જળસ્ત્રોતનું મહત્વ દર્શાવવા ટેબ્લોના અગ્ર ભાગમાં પાણી ભરેલાં માટલાં સાથેની ગ્રામીણ ગુજરાતણનું વિશાળ શિલ્પ મુકવામાં આવ્યું છે. રાણીની વાવ માં શેષ શૈયા પર બિરાજમાન ભગવાન વિષ્ણુનું શિલ્પ મુખ્ય છે. આ શિલ્પ ની પ્રતિકૃતિ પણ ટેબ્લોના અગ્રભાગને શોભાવશે.

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**તાન્હાજી**
૯.૩૫, ૧૦.૩૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦, ૧૦.૩૦

**જય મમ્મી દી**
૧૦.૩૫, ૧૨.૫૫, ૩.૧૫, ૮.૧૫, ૧૦.૩૫

**ગુડ ન્યુઝ**
૧.૧૫, ૧૦.૨૦

**છપાક** - ૧.૩૦, ૫.૩૫

**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૪.૧૦

**કેમ છો? (ગુજરાતી)**
૪.૦૫, ૧૦.૧૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**તાન્હાજી**
૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦

**જય મમ્મી દી**
૧૦.૩૦, ૧૨.૩૫, ૫.૩૦, ૧૦.૨૫

**ગુડ ન્યૂઝ**
૯.૪૦

**છપાક** - ૩.૫૫

**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૧.૦૫

**કેમ છો? (ગુજરાતી)**
૬.૪૦

**સિટી પલ્સ, કુડાસણ**

**તાન્હાજી**
૧૧.૪૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૦૦, ૫.૩૦, ૭.૦૦, ૮.૩૦, ૯.૩૦, ૧૦.૦૦

**છપાક** - ૧.૦૦, ૯.૩૦

**જય મમ્મી દી**
૧૨.૩૦, ૫.૧૫, ૧૦.૦૦

**ગુડ ન્યુઝ**
૯.૪૫, ૫.૦૦

**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦

**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૯.૦૦, ૧૦.૦૦

**છપાક** - ૧૨.૨૫, ૭.૩૦

**ગુડ ન્યુઝ**
૧૦.૨૦, ૭.૨૫

**જય મમ્મી દી**
૧૦.૦૫, ૩.૦૦, ૫.૧૫, ૧૦.૦૫

**બાબુભાઈ સેન્ટિમેન્ટલ (ગુજરાતી)**
૯.૩૦

**કેમ છો? (ગુજરાતી)**
૧.૧૦, ૧૦.૧૫

### સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા પતંગ મહોત્સવની ઉજવણી



ગાંધીનગર, તા.૧૩

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે પતંગ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બહેનો દ્વારા ગીતો ગવડાવીને આનંદ કરવામાં આવ્યો હતો તેમજ ડાબલા ઉજવણી કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો.

### ચિરવિદાય

- સ્વ. શશીકાન્ત બચુભાઈ ગજ્જર, ઉ.વ. ૪૮
- સ્વ. દંતાણી ચતુરભાઈ રામસીભાઈ, ઉ.વ. ૫૦
- સ્વ. પ્રજાપતિ હીરાબેન કાનજીભાઈ, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ દક્ષાબેન ઈશ્વરભાઈ પટેલ, ઉ.વ.૪૬
- સ્વ. સુથાર બાલુભાઈ સોમનાથ, ઉ.વ. ૭૩
- સ્વ. પટેલ શકરીબેન મનુભાઈ, ઉ.વ. ૭૫

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧